ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૮૦/૯૦૭૪૫/ગ,
સચિવાલય, ગાંધીનગર,
તા: ૧ જાન્યુઆરી ૧૯૮૧

વંચાણે લીધા:-

૧: નાણાં વિભાગનો સરકારી ઠરાવ ક્ર: એનવીએન-૧૦૭૯/૧૬૮૮/પ્ર. તા: ૫-૭-૧૯૭૯.

૨: નાણાં વિભાગનો સરકારી ઠરાવ નં. એનવીએન-૧૦૭૯/૧૭૮૮/૫, તા: ૧૨-૭-૭૯.

૩: સરકારી ઠરાવ નં. એનવીએન-૧૦૭૯-/૧૫૯૮/૫ તા: ૧૨-૭-૭૯.

૪: શિક્ષણ વિભાગનો તા: ૨૧-૧૨-૭૧ નો સરકારી ઠરાવ નં. એસએસએન-૧૩૪૭૦/૪૧૮૪૫/ગ,

૫: શિક્ષણ વિભાગનો તા: ૪-૧૨-૭૩ નો પત્ર નં. એસએસએન-૩૪૭૨/૧૧૬૮૨૯/ગ, / વજ

૬: શિક્ષણ વિભાગનો તા: ૩૧-૭-૮૦ નો પત્ર ક્રમાંક જે તે ફકત શિક્ષણ નિયામકશ્રીને ઉદ્દેશીને લખેલો છે। ક્રમાંક: બમશ-૧૧૭૯/૪૩૭૦૨/ગ

શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તારીખ ૧૮-૮-૭૯ નો પત્ર નં. ૧૮ મબજ-પેન-જનરલ/પ-૨૧૫૭૧૩.

ઠ રા વ :::-

બિન સરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને તારીખ ૨૧-૧૨-૭૧ ના ઠરાવથી સરકારી કર્મચારીઓની પેન્શન યોજનાના ધોરણે પેન્શન યોજના લાગુ પાડવામાં આવી છે. તે ઠરાવમાં જણાવ્યા પ્રમાણે સરકારી કર્મચારીઓની પેન્શન યોજનામાં વખતોવખત સુધારા વધારા જે થાય તે પ્રમાણે આવા બિન સરકારી સંસ્થાના કર્મચારીઓને પેન્શન યોજના લાગુ પાડવા તેવું ઠરાવ્યું છે.

નાણાં વિભાગના તા: ૫-૭-૭૯ ના ઠરાવ ક્રમાંક: એનવીએન-૧૦૭૯/૧૬૮૮/૫ માં નિવૃત્તિના લાભ પુરતું મોંઘવારી ભથ્થામાં લાભના હેતુસર પગાર અંગે ગણવા સરકારશ્રીએ હુકમો કર્યા છે અને તેમાં વિકલ્પ આપવાની તા: ૩૧ ડિસેમ્બર ૧૯૭૯ સુધીની ઠરાવી છે. કેટલાક ગેરસમજણને કારણે બિન સરકારી સંસ્થાના કર્મચારીઓ આ હુકમો અન્વયે ઓપ્શન આપી શક્યા ન હોવાથી સરકારશ્રીએ કાળજીપૂર્વક વિચારણા કરી સદરહુ હુકમો હેઠળ આવતા બિન સરકારી સંસ્થાના કર્મચારીઓને વિકલ્પ આપવા માટેની મુદત તા: ૨૮-૨-૮૧ સુધીની લંબાવી આપવાનું ઠરાવ્યું છે. તદ્દનુસાર આવા કર્મચારીઓ તા: ૨૮-૧-૮૧ સુધીમાં આ હુકમો અન્વયે તેમનો વિકલ્પ આપવાનો રહેશે. આમ કરતાં નાણાં વિભાગના ઉપરોક્ત ઠરાવમાં જણાવ્યા પ્રમાણેની રહેશે તેની પણ આથી સ્પષ્ટ કરવામાં આવે છે. આ હુકમો નાણાં વિભાગની તા: ૪-૧૨-૮૦ ના રોજ મળેલી સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહિ/-
સેક્શન અધિકારી શિક્ષણ વિભાગ...